સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS


ICE CURRENT NEWS

YouTube ICE RAJKOT




ICE RAJKOT SUBSCRIBE

આપની તૈયારીને સર્વશ્રેષ્ઠ બનાવવા અમે લાવ્યા છીએ :

ICE CURRENT NEWS

કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

ICE RAJKOT

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE RAJKOT

SUBSCRIBE NOW



**સંપાદક**

**મૌલિક ગોંધિયા**
(Director - ICE)


[APR/MAY-2019]
[28/04 to 04/05]

# WEEK-18

## CURRENT TOPIC

- યુનાઈટેડ નેશન્સ દ્વારા મસૂદ અઝહર વૈશ્વિક આતંકવાદી જાહેર
- 24 કલાક ઓપન માર્કેટવાળું ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય બન્યું
- ભારતમાં GSTની આવકમાં રેકોર્ડ વધારો
- ભારતીય વાયુસેનાના નાયબ અધ્યક્ષ તરીકે શ્રી રાકેશ કુમારની નિમણૂક
- સંયુક્ત સૈન્ય અભ્યાસ વરૂણ 19.1
- એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2019


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

**28 APRIL, 2019 SUNDAY**

## ➤ રશિયાએ વિશ્વની સૌથી લાંબી સબમરિન લોન્ચ કરી



રશિયા દ્વારા તાજેતરમાં વિશ્વની સૌથી લાંબી સબમરિન લોન્ચ કરવામાં આવી છે.

- 604 ફૂટ લંબાઈની આ સબમરિનનું નામ 'બેલગોરોડ' છે.
- રશિયાના બેલગોરોડ નામના શહેરના નામ પરથી આ સબમરિનનું નામ રાખવામાં આવ્યું છે.
- પરમાણુ શસ્ત્રોથી સજ્જ આ સબમરિન એક જ હુમલામાં આખા શહેરને તબાહ કરવાની ક્ષમતા ધરાવે છે.
- આ સબમરિન જાપાનના હિરોશિમા પર ફેંકાયેલા બોમ્બથી 130 ગણા વધુ ઘાતક વિસ્ફોટકોથી સજ્જ છે.
- આ સબમરિનની ઝડપ 80 માઈલ પ્રતિ કલાકની છે.
- રશિયાના Sevmash નામના શિપયાર્ડ પરથી આ સબમરિન લોન્ચ કરવામાં આવી છે.
- આ સ્પેશિયલ મિશન સબમરિનને Project 09852 તરીકે પણ ઓળખવામાં આવે છે.

## ➤ જાહેરમાં થૂંકનારને ઈ-મેમો ફટકારનાર ભારતનું પ્રથમ શહેર અમદાવાદ



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના અધિકારીઓએ તાજેતરમાં જાહેરમાં થૂંકનાર વ્યક્તિને રૂ. 100ના દંડનો ઈ-મેમો ફટકાર્યો છે.

- અને સાત દિવસમાં આ દંડ ભરી દેવા જણાવવામાં આવ્યું છે.
- આમ, જાહેરમાં થૂંકનારને ઈ–મેમો ફટકારનાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ભારતનું પ્રથમ શહેર બની ગયું હોવાનું કહેવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ SBI દ્વારા ભારતની પ્રથમ 'ગ્રીન કાર લોન' લોન્ચ




સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (SBI) દ્વારા તાજેતરમાં ભારતની પ્રથમ 'ગ્રીન કાર લોન' લોન્ચ કરવામાં આવી છે.

- ભારતમાં ઈલેક્ટ્રીક વાહનોની ખરીદીને પ્રોત્સાહન મળે તે માટે SBI દ્વારા આ 'ગ્રીન કાર લોન' યોજના લોન્ચ કરવામાં આવી છે.
- આ યોજના અંતર્ગત ઈલેકટ્રીક વાહન ખરીદવા માટે ઓછા વ્યાજ દરે લોન આપવામાં આવશે.
- આ ઉપરાંત લોન લેનાર ગ્રાહકોને લોન ચૂકવવા માટે વધુ સમય આપવામાં આવશે.
- આ યોજના અંતર્ગત પ્રતિ 1 લાખ રૂપિયાની લોન પર 96 મહિના માટે EMI રૂ. 1,468 હશે.

**નોંધ :** (1) EMIનું પૂરું નામ 'Equated Monthly Installments' છે.

(2) ભારત સરકારે વર્ષ 2030 સુધીમાં કુલ વાહનોમાં 30 ટકા ઈલેક્ટ્રીક વાહનો સામેલ કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

## SBI

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (SBI)એ ભારતની સૌથી મોટી બેન્ક છે.

- SBI મલ્ટિનેશનલ અને જાહેર ક્ષેત્ર (Public Sector)ની બેન્ક છે. અને તે એક વૈધાનિક સંસ્થા છે.
- તેનું વડું મથક મુંબઈ ખાતે આવેલું છે.
- ભારતમાં બેન્ક ઓફ બોમ્બે, બેન્ક ઓફ મદ્રાસ અને બેન્ક ઓફ કોલકાતાના વિલયથી 1921માં ઈમ્પિરિયલ બેન્ક ઓફ ઈન્ડિયાની સ્થાપના કરવામાં આવી હતી.
- આ ઈમ્પિરિયલ બેન્ક ઓફ ઈન્ડિયાને 1 જુલાઈ, 1955ના રોજ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (SBI) નામ આપવામાં આવ્યું હતું. અને SBI ACT 1955 અંતર્ગત તેની સ્થાપના થઈ હતી.
- 1806માં સ્થપાયેલી બેન્ક ઓફ કોલકાતા, 1840માં સ્થપાયેલી બેન્ક ઓફ બોમ્બે અને 1843માં સ્થપાયેલી બેન્ક ઓફ મદ્રાસના સ્થાને હાલ SBI કાર્યરત હોવાથી SBIને વર્તમાનમાં કાર્યરત ભારતની સૌથી જૂની બેંક માનવામાં આવે છે.
- વર્ષ 2018ની ફોર્ચ્યૂન ગ્લોબલ 500ની યાદીમાં SBI 216મા ક્રમે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

આર્થિક સમૃદ્ધિ, સામાજિક પ્રતિષ્ઠા
સલામત નોકરીની સંયુક્ત કારકિર્દી
એટલે જ ગુજરાત સરકાર

ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS
CALL: 9375701110 / 9328001110

ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે

ફ્રી DEMO LECTURE

આપની સફળતાને નિશ્ચિત કરતી
સ્પેશિયલ બેચ

07/05/19

TIME : 4 to 6 PM

2012 - 18
1237+
સફળ ઉમેદવાર

10 Mega Test Paper

32+ Weekly Test
MEGA TEST SERIES ON OMR SHEET

➤ સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો ઊંડાણપૂર્વકનો પાયાની સમજથી અભ્યાસ.
➤ સ્પર્ધાત્મક પરીક્ષાની નિષ્ણાતો દ્વારા અભ્યાસ
➤ પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી
➤ સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
➤ શરૂઆતથી છેક પરીક્ષાખંડ સુધીનો આયોજનબદ્ધ રોડ મેપ
➤ ગુજરાતી, ENGLISH, ગણિત અને સામાન્ય જ્ઞાનના 15 થી વધુ વિષયોની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા
➤ ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી એડવાન્સ લેવલ મટીરિયલ્સ

## ICE ? Questions

1. તાજેતરમાં કયા દેશ દ્વારા વિશ્વની સૌથી લાંબી સબમરિન લોન્ચ કરવામાં આવી છે ?
(A) અમેરિકા (B) ચીન (C) રશિયા (D) ફ્રાન્સ — **(C)**

2. તાજેતરમાં રશિયા દ્વારા લોન્ચ કરવામાં આવેલી વિશ્વની સૌથી લાંબી સબમરિનનું નામ શું છે ?
(A) વોલ્ગોગાર્ડ અથવા પ્રોજેક્ટ 09852 (B) બેલગોરોડ અથવા પ્રોજેક્ટ 09852
(C) નોવગોરોડ અથવા પ્રોજેક્ટ 09852 (D) ઓરેનબર્ગ અથવા પ્રોજેક્ટ 09852 — **(B)**

3. જાહેરમાં થૂંકનારને ઈ–મેમો ફટકારનાર ભારતના પ્રથમ શહેરનું નામ શું છે ?
(A) નવી દિલ્હી (B) મૈસુર (C) ભોપાલ (D) અમદાવાદ — **(D)**

4. તાજેતરમાં ભારતમાં કઈ બેન્ક દ્વારા ભારતની પ્રથમ 'ગ્રીન કાર લોન' લોન્ચ કરવામાં આવી છે ?
(A) SBI (B) AXIS (C) ICICI (D) HDFC — **(A)**

5. EMI નું પૂરું નામ શું છે ?
(A) Equal Monthly Installments (B) Equador Monthly Installments
(C) Equated Monthly Installments (D) Equivalent Monthly Installments — **(C)**

6. ભારત સરકારે વર્ષ 2030 સુધીમાં કુલ વાહનોમાં કેટલા ટકા ઈલેક્ટ્રીક વાહનો સામેલ કરવાનું લક્ષ્ય રાખ્યું છે ?
(A) 20 ટકા (B) 25 ટકા (C) 30 ટકા (D) 40 ટકા — **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 29 APRIL, 2019 MONDAY

### ➤ દિવસ મહિમા : 29 એપ્રિલ, વિશ્વ ડાન્સ દિવસ (International Dance Day)

### ➤ એશિયન રેસલિંગ (કુસ્તી) ચેમ્પિયનશિપ 2019

તાજેતરમાં 23થી 28 એપ્રિલ, 2019 દરમિયાન ચીનના ક્ષિ'એન (Xi'an) ખાતે એશિયન રેસલિંગ (કુસ્તી) ચેમ્પિયનશિપ 2019નું આયોજન થયું હતું.

- જેમાં 1 ગોલ્ડ, 6 સિલ્વર અને 9 બ્રોન્ઝ સહિત કુલ 16 મેડલ જીતીને ભારત મેડલ ટેબલમાં 8મા ક્રમે છે.
- આ ચેમ્પિયનશિપમાં 11 ગોલ્ડ સહિત કુલ 17 મેડલ સાથે ઈરાન પ્રથમ અને ચીન બીજા તથા જાપાન ત્રીજા ક્રમે છે.

**Medal Table**

| ક્રમ | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | ઈરાન | 11 | 0 | 6 | 17 |
| 2 | ચીન | 5 | 5 | 6 | 16 |
| 3 | જાપાન | 4 | 7 | 6 | 17 |
| 8 | ભારત | 1 | 6 | 9 | 16 |

# Glimpse of ICE Seminar 05/05/2019 - RAJKOT

## સ્પર્ધાત્મક પરીક્ષાના સમરાંગણના સૌ શૂરવીરોનો હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર












**શ્રી મનોહરસિંહજી જાડેજા સાહેબનો ખૂબ ખૂબ આભાર (RAJKOT - DCP)**











## શ્રી બજરંગ પુનિયા



આ ચેમ્પિયનશિપમાં ભારતના પ્રસિદ્ધ કુસ્તીબાજ **શ્રી બજરંગ પુનિયાએ** ભારતને એક માત્ર **ગોલ્ડ મેડલ** અપાવ્યો હતો.

- શ્રી બજરંગ પુનિયાને **મેન્સ ફ્રી સ્ટાઈલની 65 કિગ્રા ઈવેન્ટમાં** આ ગોલ્ડ મેડલ મળ્યો હતો.
- શ્રી બજરંગ પુનિયાનો જન્મ 26 ફેબ્રુઆરી, 1994ના રોજ **હરિયાણાના ઝજ્જર** ખાતે થયો હતો.
- આ અગાઉ **2017માં** ભારતમાં નવી દિલ્હી ખાતે યોજાયેલી **એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપમાં** પણ શ્રી બજરંગ પુનિયાએ ભારતને **ગોલ્ડ મેડલ** અપાવ્યો હતો.
- આ ઉપરાંત વર્ષ **2018માં** યોજાયેલી **એશિયન ગેમ્સ** અને **કોમનવેલ્થ ગેમ્સમાં** પણ તેમણે **ગોલ્ડ મેડલ** જીત્યો હતો.

**એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ વિજેતા ભારતીય ખેલાડીઓ**

| ક્રમ | નામ | ઈવેન્ટ | રાજ્ય |
|---|---|---|---|
| 1 | શ્રી અમિત કુમાર | મેન્સ ફ્રી સ્ટાઈલ 74 Kg | હરિયાણા |
| 2 | શ્રી પ્રવીણ રાણા | મેન્સ ફ્રી સ્ટાઈલ 79 Kg | દિલ્હી |
| 3 | શ્રી વીક્કી ચહર | મેન્સ ફ્રી સ્ટાઈલ 92 Kg | – |
| 4 | શ્રી ગુરપ્રીત સિંઘ | મેન્સ ગ્રીકો–રોમન 77 Kg | – |
| 5 | શ્રી હરપ્રીત સિંઘ | મેન્સ ગ્રીકો–રોમન 82 Kg | – |
| 6 | શ્રી સુનિલ કુમાર | મેન્સ ગ્રીકો–રોમન 87 Kg | – |

**નોંધ :** એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ 2019માં ભારતના મહિલા કુસ્તી બાજો **સુશ્રી વિનેશ ફોગટ (હરિયાણા), સુશ્રી સાક્ષી મલિક (હરિયાણા), સુશ્રી દિવ્યા કાકરાન (ઉત્તરપ્રદેશ)** અને **સુશ્રી મંજુ કુમારીને બ્રોન્ઝ મેડલ** મળ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2019

તાજેતરમાં એપ્રિલ, 2019 દરમિયાન **કતારની** રાજધાની **દોહા** ખાતે એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ **2019નું** આયોજન થયું હતું.

DOHA 2019
Asian Athletics Championships

- જેમાં **3 ગોલ્ડ, 7 સિલ્વર** અને **7 બ્રોન્ઝ** સહિત કુલ **17 મેડલ** સાથે **ભારત** મેડલ ટેબલમાં **ચોથા** ક્રમે રહ્યું છે.
- જ્યારે **બહેરીન પ્રથમ, ચીન બીજા** અને **જાપાન ત્રીજા** ક્રમે છે.

**Medal Table**

| ક્રમ | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | બહેરીન | 11 | 7 | 4 | 22 |
| 2 | ચીન | 9 | 13 | 7 | 29 |
| 3 | જાપાન | 5 | 4 | 9 | 18 |
| 4 | ભારત | 3 | 7 | 7 | 17 |

| એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2019માં ગોલ્ડ મેડલ વિજેતા ભારતીય ખેલાડીઓ | | | |
|---|---|---|---|
| ક્રમ | નામ | ઈવેન્ટ | રાજ્ય |
| 1 | શ્રી તેજીન્દર પાલ સિંઘ તૂર | Shot Put (ગોળાફેંક) | પંજાબ |
| 2 | સુશ્રી ગોમથી મરિમુથુ | 800 મીટર દોડ | તમિલનાડુ |
| 3 | સુશ્રી પી. યુ. ચિત્રા | 1500 મીટર દોડ | કેરળ |

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

કરી શકો જો યુદ્ધ પહેલા જ, યુદ્ધની કવાયત
GPSCનો જંગ જીતવા, આવો કરીએ જમાવટ

GPSC
ક્લાસ 1/2
P.I. • S.T.I. • DY.SO • DY.MAMLATDAR

ફ્રી ટ્રાયલ લેક્ચર
09-05-19
સાંજે 7 થી 9

GPSC દ્વારા ICEના 170થી વધુ અધિકારીશ્રીઓ

વિકલી OMR પેપર પ્રેક્ટિસ

સ્માર્ટ વર્ક અને સમજણ શકિતના સમન્વયથી અભ્યાસ

GPSC CLASS 1/2 ઓફિસર બનેલા વિદ્યાર્થી ઉમેદવારોનું સ્વાનુભવસિદ્ધ માર્ગદર્શન

શરૂઆતથી નિમણૂક પત્ર સુધીનો આયોજનબદ્ધ રોડ મેપ

GPSCની નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ ટુ ધી પોઈન્ટ રીડીંગ મટીરિયલ્સ

પરીક્ષા પાસ કરવાની આક્રમક વ્યૂહરચના

દરેક વિષયની ઉંડાણપૂર્વકની કન્સેપ્ચ્યુઅલ તૈયારી

GPSC CLASS 1/2ની એક્સપર્ટ ટીમ દ્વારા કોચિંગ

કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે,
સ્વામિનારાયણ મંદિર પાસે, રાજકોટ.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

Call : 9375701110 / 9328001110

## ➤ ISSF Shooting World Cup 2019

તાજેતરમાં 21 થી 29 એપ્રિલ 2019 દરમિયાન ચીનના **બેઈજિંગ** ખાતે **ISSF Shooting World Cup 2019**ના **બીજા** તબક્કાનું આયોજન થયું હતું.

- જેમાં **3 ગોલ્ડ** અને **1 સિલ્વર** સહિત કુલ **4 મેડલ** સાથે **ભારત** મેડલ ટેબલમાં **ચોથા** ક્રમે રહ્યું છે.
- આ અગાઉ ફેબ્રુઆરી 2019માં ભારતમાં **નવી દિલ્હી** ખાતે યોજાયેલા આ વર્લ્ડ કપના પ્રથમ તબક્કામાં પણ **ભારત પ્રથમ** ક્રમે રહ્યું હતું.

**ISSF World Cup 2019, Beijingમાં મેડલ વિજેતા ભારતીય ખેલાડીઓ**

| ક્રમ | નામ | મેડલ | ઈવેન્ટ | રાજ્ય/શહેર |
|---|---|---|---|---|
| 1 | શ્રી અભિષેક વર્મા | ગોલ્ડ | 10 મીટર એર પિસ્ટલ | – |
| 2 | શ્રી સૌરભ ચૌધરી | ગોલ્ડ | 10 મીટર એર પિસ્ટલ મિક્સ ટીમ | ઉત્તરપ્રદેશ |
| | સુશ્રી મનુ ભાકર | | | હરિયાણા |
| 3 | શ્રી દિવ્યાંશ સિંઘ પંવર | ગોલ્ડ | 10 મીટર એર રાઈફલ મિક્સ ટીમ | – |
| | સુશ્રી અંજુમ મુદ્‌ગિલ | | | ચંદીગઢ |
| 4 | શ્રી દિવ્યાંશ સિંઘ પંવર | સિલ્વર | 10 મીટર એર રાઈફલ | – |

**નોંધ :** ISSFનું પૂરું નામ International Shooting Sport Federation છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. ‘વિશ્વ ડાન્સ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 27 એપ્રિલ (B) 28 એપ્રિલ (C) 29 એપ્રિલ (D) 30 એપ્રિલ **(C)**

2. તાજેતરમાં એપ્રિલ 2019 દરમિયાન રેસલિંગ (કુસ્તી) ચેમ્પિયનશિપ 2019નું આયોજન કયાં થયું હતું ?
   (A) દોહા (B) નવી દિલ્હી (C) બેઈજિંગ (D) ક્ષિઅેન **(D)**

3. તાજેતરમાં ચીનના ક્ષિઅેન ખાતે યોજાયેલી એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ 2019માં મેડલ ટેબલમાં ભારત કયા ક્રમે છે ?
   (A) ચોથા (B) પાંચમા (C) સાતમા (D) આઠમા **(D)**

4. એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ 2019માં ભારતે કુલ કેટલા મેડલ જીત્યા છે ?
   (A) 1 ગોલ્ડ સહિત, કુલ 15 (B) 1 ગોલ્ડ સહિત, કુલ 16
   (C) 1 ગોલ્ડ સહિત, કુલ 17 (D) 1 ગોલ્ડ સહિત, કુલ 18 **(B)**

5. એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ 2019માં ગોલ્ડ મેડલ વિજેતા એકમાત્ર ભારતીય ખેલાડીનું નામ શું છે ?
   (A) શ્રી બજરંગ પુનિયા (B) શ્રી અમિત કુમાર (C) શ્રી પ્રવીણ રાણા (D) સુશ્રી વિનેશ ફોગટ **(A)**

6. તાજેતરમાં એપ્રિલ 2019 દરમિયાન એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2019નું આયોજન કયાં થયું હતું ?
   (A) જકાર્તા (B) નવી દિલ્હી (C) દોહા (D) બેઈજિંગ **(C)**

**7.** તાજેતરમાં કતારની રાજધાની દોહા ખાતે યોજાયેલી એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2019માં મેડલ ટેબલમાં ભારત કયા ક્રમે છે ?

(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા **(D)**

**8.** એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2019માં ભારતે કુલ કેટલા મેડલ જીત્યા છે ?

(A) 3 ગોલ્ડ સહિત, કુલ 15 (B) 3 ગોલ્ડ સહિત, કુલ 16

(C) 3 ગોલ્ડ સહિત, કુલ 17 (D) 3 ગોલ્ડ સહિત, કુલ 18 **(C)**

**9.** ખેલાડી અને તેમની સાથે સંકળાયેલી રમતના સંદર્ભમાં નીચેનામાંથી કઈ જોડી સાચી નથી ?

(A) શ્રી તેજીન્દર પાલ સિંઘ તૂર – ગોળા ફેંક (B) સુશ્રી ગોમથી મરિમુથુ – દોડ

(C) સુશ્રી પી. યુ. ચિત્રા – દોડ (D) ઉપરોક્ત ત્રણેય સત્ય છે **(D)**

**10.** એપ્રિલ 2019 દરમિયાન ચીનના બેઈજિંગ ખાતે યોજાયેલા ISSF Shooting World Cup 2019માં મેડલ ટેબલમાં ભારત કયા ક્રમે છે ?

(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા **(A)**


**11.** એપ્રિલ 2019 દરમિયાન ચીનના બેઈજિંગ ખાતે યોજાયેલા ISSF Shooting World Cup 2019માં ભારતના અભિષેક વર્માએ કઈ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો છે ?

(A) 10 મીટર એર પિસ્ટલ (B) 25 મીટર એર પિસ્ટલ

(C) 10 મીટર એર રાઈફલ (D) 25 મીટર એર રાઈફલ **(A)**

## 30 APRIL, 2019 TUESDAY

### ➤ શ્રી દાદાસાહેબ ફાળકેની 150મી જન્મજયંતી



30 એપ્રિલ, 2019ના રોજ ભારતીય ફિલ્મ ઉદ્યોગના ‘પિતામહ’ શ્રી દાદાસાહેબ ફાળકેની 150મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી છે.

- શ્રી દાદાસાહેબ ફાળકેનો જન્મ 30 એપ્રિલ, 1870ના રોજ મહારાષ્ટ્રના ત્ર્યંબકમાં થયો હતો.
- શ્રી દાદાસાહેબ ફાળકેનું મૂળનામ શ્રી ધુંડિરાજ ગોવિંદ ફાળકે હતું.
- તેમણે પોતાની પત્નીના ઘરેણા ગિરવે મૂકીને અથવા તો વેચીને ભારતમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીની શરૂઆત કરી હતી.
- તેમણે 1913માં ‘રાજા હરિશ્ચન્દ્ર’ નામની મૂક ફિલ્મ બનાવી હતી.
- તે ભારતીય સિનેમાની પૂર્ણ લંબાઈની અને નાટ્ય સ્વરૂપની પ્રથમ ફિલ્મ હતી.
- શ્રી દાદાસાહેબ ફાળકેની યાદમાં ભારત સરકાર દ્વારા 1969થી દર વર્ષે ‘દાદાસાહેબ ફાળકે એવોર્ડ’ એનાયત કરવામાં આવે છે.
- જે ભારતીય સિનેમાનો સર્વોચ્ચ એવોર્ડ છે.


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


## ➢ આતંકી હુમલા બાદ શ્રીલંકામાં બુરખા પર પ્રતિબંધ

તાજેતરમાં **શ્રીલંકા**માં ત્રણ ચર્ચ અને હોટલોમાં થયેલા આતંકી હુમલા બાદ શ્રીલંકાના રાષ્ટ્રપતિ **શ્રી મૈત્રિપાલા સિરિસેના**એ 29 એપ્રિલ, 2019થી શ્રીલંકામાં જાહેર સ્થળોએ **બુરખા** તથા ચહેરો ઢાંકવા માટે ઉપયોગમાં લેવાતા વસ્ત્ર પર પ્રતિબંધ મૂકી દીધો છે.

- શ્રીલંકામાં મહિલાઓના વેશમાં બુરખામાં આવીને આતંકીઓ હુમલો કરે તેવી ભીતિ સર્જાતા રાષ્ટ્રીય સુરક્ષા માટે આ નિર્ણય લેવાયો છે.
- આ અંતર્ગત શ્રીલંકામાં હવેથી કોઈપણ મહિલા કે પુરુષ પોતાનો ચહેરો ઢાંકી નહીં શકે.
- ખાસ કરીને જાહેર સ્થળો એ જ આ નિયમ લાગુ રહેશે. આ પ્રતિબંધમાં બુરખા કે કોઈપણ પ્રકારની લાજનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. તાજેતરમાં 30 એપ્રિલ, 2019ના રોજ ભારતીય ફિલ્મ ઉદ્યોગના 'પિતામહ' શ્રી દાદાસાહેબ ફાળકેની કેટલામી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી છે ?
   (A) 100મી (B) 125મી (C) 150મી (D) 160મી — (C)
2. ભારતીય ફિલ્મ ઉદ્યોગના 'પિતામહ' શ્રી દાદાસાહેબ ફાળકેનો જન્મ કયાં થયો હતો ?
   (A) મુંબઈ (B) પૂણે (C) નાગપુર (D) ત્ર્યંબક — (D)
3. ભારત સરકાર દ્વારા દર વર્ષે એનાયત થતા ભારતીય સિનેમાના સર્વોચ્ચ એવોર્ડનું નામ શું છે ?
   (A) ફિલ્મ ફેર એવોર્ડ (B) નેશનલ ફિલ્મ એવોર્ડ
   (C) દાદાસાહેબ ફાળકે એવોર્ડ (D) ગ્લોબલ ઈન્ડિયન ફિલ્મ એવોર્ડ — (C)
4. તાજેતરમાં 29 એપ્રિલ 2019થી કયા દેશમાં જાહેર સ્થળોએ બુરખા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે ?
   (A) સાઉદી અરેબિયા (B) ઈરાન
   (C) યુનાઈટેડ આરબ અમિરાત (D) શ્રીલંકા — (D)

## 1 MAY, 2019 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : 1 મે, (1) ગુજરાત સ્થાપના દિન (ગુજરાત ગૌરવ દિવસ)
(2) મહારાષ્ટ્ર સ્થાપના દિન
(3) વિશ્વ શ્રમ દિન (આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ)

#### ગુજરાતનો 59મો સ્થાપના દિવસ




1 મે, 2019ના રોજ ગુજરાતના 59મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી છે.

- ગુજરાતમાં ગુજરાતનો સ્થાપના દિવસ 'ગુજરાત ગૌરવ દિવસ' તરીકે ઉજવાય છે.
- ભારતની આઝાદી બાદ 'બૃહદ્ મુંબઈ' અને 'સૌરાષ્ટ્ર' નામના બે રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશ 'કચ્છ'માંથી 1 મે, 1960ના રોજ 'ગુજરાત' અને 'મહારાષ્ટ્ર' નામના બે નવા રાજ્યોની સ્થાપના થઈ હતી.
- આથી, ગુજરાત તથા મહારાષ્ટ્રમાં 1 મે ના રોજ ગુજરાત અને મહારાષ્ટ્રનો સ્થાપના દિવસ ઉજવાય છે.

### ➤ સંયુક્ત સૈન્ય અભ્યાસ 'વરુણ 19.1'



તાજેતરમાં ભારતમાં ગોવાના દરિયા કિનારે ભારત અને ફ્રાન્સની નૌસેના વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસ 'વરુણ 19.1'નું આયોજન થયું છે.

- બે ભાગમાં યોજાનાર આ યુદ્ધ અભ્યાસમાં 'વરુણ 19.1' નામનો પ્રથમ તબક્કાનો સૈન્ય અભ્યાસ 1થી 10 મે, 2019 દરમિયાન ગોવાના દરિયા કિનારે યોજાશે.
- જ્યારે મે 2019ના અંતમાં 'વરુણ 19.2' નામનો બીજા તબક્કાનો સૈન્ય અભ્યાસ 'જિબુટી' ખાતે યોજાશે.

- ભારત અને ફ્રાન્સની નૌસેના વચ્ચે આ દ્વિપક્ષીય યુદ્ધ અભ્યાસનો પ્રારંભ <u>1983</u>થી થયો હતો.
- આ સૈન્ય અભ્યાસ વર્ષ <u>2001</u>થી <u>'વરુણ'</u> નામથી ઓળખાય છે.
- તાજેતરમાં યોજાઈ રહેલા સૈન્ય અભ્યાસમાં ભારતના <u>મિગ-29K</u> યુદ્ધ વિમાન તથા <u>INS વિક્રમાદિત્ય</u> નામના યુદ્ધ જહાજે ભાગ લીધો હતો.

## ➤ ભારતીય વાયુ સેનાના નાયબ વડા તરીકે શ્રી રાકેશ કુમારની નિમણૂક



<u>ભારતીય વાયુ સેના</u>ના નાયબ વડા (Vice Chief of the Air Staff) તરીકે <u>એર માર્શલ રાકેશ કુમાર સિંહ ભદોરિયા</u>ની નિમણૂક કરવામાં આવી છે.

- ભારતીય વાયુ સેનાના નવા નાયબ અધ્યક્ષ તરીકે એર માર્શલ રાકેશ કુમાર <u>એર માર્શલ અનિલ ખોસલાનું</u> સ્થાન લેશે.
- શ્રી રાકેશ કુમાર સિંહ ભદોરિયા 15 જૂન 1980ના રોજ ભારતીય વાયુ સેનામાં જોડાયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

આપની તૈયારીને શ્રેષ્ઠ બનાવવા અમે લાવ્યા છીએ........

Daily Test Paper
WITH OMR SHEET

તલાટી / બિનસચિવાલય પેપર
(દરરોજ 1 પેપર)

તલાટી / બિનસચિવાલયની પેપર પ્રેક્ટીસ માટે
દરરોજ એક પેપર Download કરવા
ICEની Authentic Telegram ચેનલ આજે જ JOIN કરો
t.me/icerajkotofficial

Download From Here
t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot.in

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

બિનસચિવાલય
કલાર્ક

» બંધારણ
» જાહેર વહીવટ
» સામાન્ય જ્ઞાન
» કોમ્પ્યૂટર

» ગુજરાતી વ્યાકરણ
» અંગ્રેજી વ્યાકરણ
» ગુજરાતનો ઈતિહાસ
» ગુજરાતનો સા. વારસો

FREE



દુકાનદાર પાસેથી
ફ્રી મેળવી લેવી



Available at
amazon

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

વધુ માહિતી માટે
CALL
93753-01110

## ICE ? Questions

**1.** 1 મે ભારતના કયા રાજ્યનો સ્થાપના દિવસ છે ?

1. ગુજરાત 2. મધ્યપ્રદેશ

3. મણિપુર 4. મહારાષ્ટ્ર

Ans. (A) ફક્ત-1 (B) 1 અને 2 (C) 1 અને 3 (D) 1 અને 4 **(D)**

**2.** 1 મે 2019ના રોજ ગુજરાતના કેટલામા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી છે ?

(A) 57મા (B) 58મા (C) 59મા (D) 60મા **(C)**

**3.** ગુજરાતનો સ્થાપના દિવસ કયા નામે ઓળખાય છે ?

(A) ગુજરાત શૌર્ય દિન (B) ગુજરાત ગૌરવ દિન

(C) ગુજરાત સંકલ્પ દિન (D) ગુજરાત નવનિર્માણ દિન **(B)**

**4.** 'વિશ્વ શ્રમ દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 મે (B) 2 મે (C) 3 મે (D) 4 મે **(A)**

**5.** મે 2019 દરમિયાન ભારત અને કયા દેશની નૌસેના વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસ 'વરુણ'નું આયોજન થયું હતું ?

(A) રશિયા (B) જર્મની (C) બ્રિટન (D) ફ્રાન્સ **(D)**

**6.** મે 2019 દરમિયાન ભારતના કયા રાજ્યના દરિયા કિનારે ભારત અને ફ્રાન્સની નૌસેના વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસ વરુણ 19.1નું આયોજન થયું હતું ?

(A) તમિલનાડુ (B) કેરળ (C) ગોવા (D) ઓડિશા **(C)**

**7.** ભારતીય વાયુ સેનાના નાયબ વડા તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી અનિલ ખોસલા (B) શ્રી રાકેશ કુમાર

(C) શ્રી સંજય સિંહ ચૌહાણ (D) શ્રી આકાશ કુમાર **(B)**

## 2 MAY, 2019 THURSDAY

### ➤ યુનાઈટેડ નેશન્સ દ્વારા મસૂદ અઝહર વૈશ્વિક આતંકવાદી જાહેર

1 મે, 2019ના રોજ <u>યુનાઈટેડ નેશન્સ</u>ની <u>સુરક્ષા પરિષદ</u>ની પ્રતિબંધિત આતંકીઓની યાદીમાં મસૂદ અઝહરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- આ સાથે જ પાકિસ્તાનમાં હયાત આતંકવાદી સંગઠન **જૈશ-એ-મોહમ્મદ**નો વડો અને **પુલવામા** હુમલાનો માસ્ટર માઈન્ડ **મસૂદ અઝહર 'આંતરરાષ્ટ્રીય આતંકવાદી'** જાહેર થઈ ગયો છે.
- સંયુક્ત રાષ્ટ્રમાં રહેલા ભારતના રાજદૂત **શ્રી સૈયદ અકબરુદ્દીને** આ માહિતી આપી હતી.
- મસૂદ અઝહરને 'વૈશ્વિક આતંકી' જાહેર કરવા માટે છેલ્લા 10 વર્ષથી ભારત પ્રયાસ કરી રહ્યું હતું.
- જેમાં અંતે ભારતને સફળતા મળી છે. જે પાકિસ્તાન અને ચીન સામે કૂટનીતિક દષ્ટિએ ભારતનો વ્યૂહાત્મક વિજય છે. કારણ કે સતત છેલ્લા 10 વર્ષથી પોતાના વીટો પાવરનો ઉપયોગ કરીને ચીન આતંકી મસૂદ અઝહરને બચાવી રહ્યું હતું.

Security Council
United Nations

## સંયુક્ત રાષ્ટ્રમાં પ્રસ્તાવ

આતંકી મસૂદ અઝહરને 'વૈશ્વિક આતંકી' જાહેર કરીને તેના પર પ્રતિબંધ મૂકવા માટે સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદ સમક્ષ છેલ્લા 10 વર્ષમાં અનેકવાર આ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો.

- સૌપ્રથમ 2009માં ભારતે આ અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.
- ત્યારબાદ 2016 અને 2017માં અમેરિકા, બ્રિટન અને ફ્રાન્સના સમર્થનથી ભારત દ્વારા યુએનમાં 1267 પ્રતિબંધ સમિતિમાં આ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો.
- જોકે દરેક વખતે ચીન ટેક્નિકલ કારણો આગળ ધરીને આ પ્રસ્તાવ અટકાવતું રહ્યું હતું.
- તાજેતરમાં 28 ફેબ્રુઆરી, 2019ના રોજ અમેરિકા, ફ્રાન્સ અને બ્રિટને સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં પ્રસ્તાવ રજૂ કર્યો હતો.
- માર્ચ 2019માં ચીને આ પ્રસ્તાવ પણ અટકાવ્યો હતો. જોકે, ચીને હવે પોતાનો વિરોધ પાછો ખેંચી લેતા હવે મસૂદ અઝહરને 'વૈશ્વિક આતંકી' જાહેર કરવામાં આવ્યો છે.

## મસૂદ અઝહર



પાકિસ્તાનના પંજાબના બહાવલપુરમાં 1968માં તેનો જન્મ થયો હતો.

- સંદિગ્ધ આતંકી ગતિવિધિઓને કારણે ફેબ્રુઆરી 1994માં જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાંથી તેની ધરપકડ કરવામાં આવી હતી.
- જોકે સપ્ટેમ્બર, 1999માં કંદહાર વિમાન અપહરણને કારણે તે જેલમાંથી મુક્ત થયો હતો.
- ભારતમાં આતંક ફેલાવવા માટે માર્ચ 2000માં તેણે જૈશ-એ-મોહમ્મદ નામના આતંકી સંગઠનની સ્થાપના કરી હતી.
- આ આતંકી સંગઠને ઓક્ટોબર 2001માં જમ્મુ-કાશ્મીરની વિધાનસભા અને ડિસેમ્બર 2001માં ભારતની સંસદ પર હુમલો કર્યો હતો.
- આ ઉપરાંત 2016માં પઠાણકોટ અને 2019માં પુલવામા હુમલા સહિત ભારતમાં અનેક આતંકી હુમલાઓ કરાવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE ®

## મસૂદ અઝહર પર પ્રતિબંધથી શું અસર થશે ?

(1) મસૂદ અઝહર દુનિયાના કોઈપણ દેશનો પ્રવાસ કરી શકશે નહિ.

(2) તેની સંપત્તિ જપ્ત થશે. પાકિસ્તાન સહિત યુએનના બધા સભ્ય દેશોએ આતંકી મસૂદ અઝહરના તમામ પ્રકારના ફંડ અને ખાતાં ફ્રીઝ કરવા પડશે.

(3) તેની સંસ્થાઓના આર્થિક સંસાધનો પણ બ્લોક કરવામાં આવશે.

(4) પાકિસ્તાન સહિત યુએનના સભ્ય દેશના લોકો આતંકી મસૂદ અઝહરને કોઈપણ પ્રકારની મદદ નહીં પહોંચાડી શકે.

(5) પાકિસ્તાન સહિત યુએનના તમામ સભ્ય દેશોએ તેમનાં હથિયારો, તેના નિર્માણની ટેકનિક, સ્પેરપાર્ટ્સ સહિત આર્મ્સ સંબંધિત કોઈપણ સામાનનું વેચાણ કે પછી તેના સુધી પહોંચ રોકવી પડશે.

## United Nations ની Security Council શું છે ?

યુનાઈટેડ નેશન્સની Security Council (સુરક્ષા પરિષદ) એ **યુનાઈટેડ નેશન્સના મુખ્ય છ અંગોમાંનું એક અંગ** છે.

### સંયુક્ત રાષ્ટ્રના મુખ્ય છ અંગો

(1) સુરક્ષા પરિષદ
(2) આંતરરાષ્ટ્રીય ન્યાયાલય
(3) સામાન્યસભા
(4) સચિવાલય
(5) આર્થિક અને સામાજિક પરિષદ
(6) ટ્રસ્ટીશીપ કાઉન્સિલ

સંયુક્ત રાષ્ટ્રના આ મુખ્ય છ અંગોમાંથી **સુરક્ષા પરિષદ (Security Council)**નું મુખ્ય કાર્ય **આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવાનું** છે.

- આ માટે સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદ પ્રસ્તાવો દ્વારા નીચેના નિર્ણયો લઈ શકે છે :

  (1) આંતરરાષ્ટ્રીય શાંતિ જાળવવા માટેની કાર્યવાહી કરવી.

  (2) આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો મૂકવા.

  (3) લશ્કરી કાર્યવાહી કરવી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સુરક્ષા પરિષદ (Security Council)ના સભ્યો

સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં **5 કાયમી** અને **10 અલ્પકાલિક** સભ્યો મળીને કુલ **15 સભ્ય** હોય છે.

- જેમાં પાંચ કાયમી સભ્યોમાં **ચીન, ફ્રાન્સ, રશિયા, બ્રિટન અને અમેરિકા**નો સમાવેશ થાય છે.
- જ્યારે બાકીના 10 સભ્યોની **મુદત 2 વર્ષ** માટેની હોય છે. આ દસ સભ્યોને ક્ષેત્રીય આધારે સંયુક્ત રાષ્ટ્રની **સામાન્ય સભા** દ્વારા ચૂંટવામાં આવે છે.
- આ 10 સભ્યોમાંથી **દર વર્ષે 5 સભ્યો**ની ચૂંટણી થાય છે.
- સુરક્ષા પરિષદના **અધ્યક્ષ દર મહિને** મૂળાક્ષર પ્રમાણે **બદલાય છે**. સુરક્ષા પરિષદના કોઈપણ સભ્ય તેના અધ્યક્ષ બની શકે છે.

## સુરક્ષા પરિષદમાં પ્રસ્તાવ મંજૂર કઈ રીતે થાય છે ?

સુરક્ષા પરિષદમાં કોઈપણ પ્રસ્તાવ તેના કુલ સભ્યોની બહુમતી દ્વારા પસાર કરવામાં આવે છે.

- જોકે, સુરક્ષા પરિષદના **પાંચ કાયમી સભ્યો**ને **'વીટો પાવર'** આપવામાં આવ્યો છે.
- આથી સુરક્ષા પરિષદના આ પાંચ કાયમી સભ્યોમાંથી જો કોઈ એક સભ્ય પણ પ્રસ્તાવ અંગે અસહમત હોય તો તે બહુમતી ધરાવતો પ્રસ્તાવ પણ પોતાના 'વીટો પાવર'નો ઉપયોગ કરીને રોકી શકે છે.
- અત્યાર સુધી **ચીન** પોતાના વીટો પાવરનો ઉપયોગ કરીને જ મસૂદ અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કરવાનો પ્રસ્તાવ રોકતું આવ્યું હતું.

### સંયુક્ત રાષ્ટ્રની 1267 પ્રતિબંધ સમિતિ શું છે ?

સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદની **1267 પ્રતિબંધ સમિતિ**માં કોઈપણ આતંકી સંગઠન કે આતંકીને વૈશ્વિક આતંકી કે વૈશ્વિક આતંકી સંગઠનની યાદીમાં સમાવેશ કરવા માટેના સ્પષ્ટ નિયમો નિયત કરવામાં આવ્યા છે.

- આ સમિતિ સંયુક્ત રાષ્ટ્રમાં પ્રતિબંધો માટેના માપદંડોની દેખરેખ રાખે છે.
- આ સમિતિ દ્વારા ISIS તથા અલ–કાયદા જેવા આતંકી સંગઠનોનો વૈશ્વિક આતંકી સંગઠનોની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ➤ મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં નકસલી હુમલામાં 16 જવાન શહીદ



1 મે, 2019ને મહારાષ્ટ્ર દિનના રોજ **મહારાષ્ટ્ર**માં થયેલા નકસલી હુમલામાં **C-60 ફોર્સ**ના આશરે 16 જવાનો શહીદ થયા છે.

- મહારાષ્ટ્રમાં **ગઢચિરોલી** જિલ્લાના **જાંભુરખેડા** નામના ગામ પાસે જમીનમાં સુરંગ બિછાવીને કરાયેલા IED વિસ્ફોટ દ્વારા નકસલવાદીઓએ આ હુમલો કર્યો હતો.

**નોંધ :** IEDનું પૂરું નામ Improvised Explosive Device છે.

### C-60 ફોર્સ શું છે ?

મહારાષ્ટ્રમાં **C-60 ફોર્સ**ને નકસલવાદીઓનો કાળ ગણવામાં આવે છે. મહારાષ્ટ્રમાં **નકસલીઓ**ના જોખમોને ધ્યાનમાં રાખીને **1992**માં આ ફોર્સની રચના કરવામાં આવી હતી.

- **ગઢચિરોલી**ના તત્કાલીન **SP શ્રી કે. પી. રઘુવંશી**એ આ ફોર્સની રચના કરી હતી.
- આ ફોર્સમાં પોલીસના 60 જવાનોનો સમાવેશ કરવામાં આવે છે.
- અને નકસલવાદીઓનો સામનો કરવા માટે તેમને ગેરીલા યુદ્ધ સહિતની વિશેષ તાલીમ આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE Questions

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા તાજેતરમાં મસૂદ અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કરવામાં આવ્યો છે....મસૂદ અઝહરના આતંકી સંગઠનનું નામ શું છે ?
   (A) ISIS (B) અલ–કાયદા
   (C) જૈશ–એ–મોહમ્મદ (D) જૈશ–એ–બગદાદી
   **(C)**

2. મસૂદ અઝહરને 'વૈશ્વિક આતંકી' જાહેર કરવા માટે ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં સૌપ્રથમ વખત ક્યારે પ્રસ્તાવ રજૂ કર્યો હતો ?
   (A) 2005 (B) 2009 (C) 2011 (D) 2012
   **(B)**

3. યુનાઈટેડ નેશન્સની સુરક્ષા પરિષદના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
   1. તેમાં 5 કાયમી અને 10 અલ્પકાલિક એમ કુલ 15 સભ્યો હોય છે.
   2. તેના અધ્યક્ષ દર મહિને બદલાય છે.
   3. ફક્ત કાયમી સભ્યો જ તેના અધ્યક્ષ બની શકે છે.
   Ans. (A) 1, 2, 3 (B) 1 અને 2 (C) 1 અને 3 (D) ફક્ત-1
   **(B)**

4. 1 મે, 2019ના રોજ ભારતના કયા રાજ્યમાં થયેલા નકસલી હુમલામાં C-60 ફોર્સના 16 જવાનો શહીદ થયા હતા ?
(A) છત્તીસગઢ (B) ઝારખંડ (C) ઉત્તરાખંડ (D) મહારાષ્ટ્ર **(D)**

5. 1 મે, 2019ના રોજ મહારાષ્ટ્રના કયા જિલ્લામાં થયેલા નકસલી હુમલામાં C-60 ફોર્સના 16 જવાનો શહીદ થયા હતા ?
(A) બલદાણા (B) ગઢચિરોલી (C) અહમદનગર (D) ગોંડિયા **(B)**

## 3 MAY, 2019 FRIDAY

### ➤ દિવસ મહિમા : 3 મે, વિશ્વ પ્રેસ સ્વાતંત્ર્ય દિન



યુનાઈટેડ નેશન્સ અને યુનેસ્કો દ્વારા સમગ્ર વિશ્વમાં 3 મે ના રોજ 'વિશ્વ પ્રેસ ફ્રીડમ ડે' અથવા તો 'વિશ્વ પ્રેસ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

- સમગ્ર વિશ્વમાં પ્રેસની સ્વતંત્રતા અંગે જાગૃતિ કેળવવા માટે તથા પ્રેસની સ્વતંત્રતાના ઉલ્લંઘનની ગંભીરતાને ઉજાગર કરવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2019ના 'વિશ્વ પ્રેસ સ્વાતંત્ર્ય દિવસ'ની થીમ 'Media for Democracy : Journalism and Elections in Times of Disinformation' છે.
- વર્ષ 2019ની 'વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડે'ની કોન્ફરન્સ ઈથિયોપિયાની રાજધાની એડિસ અબાબામાં યોજાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ 24 કલાક ઓપન માર્કેટવાળું ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું



તાજેતરમાં ગુજરાત સરકારે 'Gujarat Shops and Establishments (Regulation of Employment and Conditions of Service) Act 2019'ના અમલ અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરી દીધું છે.

- આ સાથે જ ગુજરાત 24 કલાક ઓપન માર્કેટવાળું ભારતનું પ્રથમ રાજ્ય બની ગયું છે.
- આ અગાઉ મુંબઈમાં 24 કલાક દુકાનો ચાલુ રાખવાના નિયમનો અમલ થયો હતો. પરંતુ રાજ્યભરમાં આ નિયમ લાગુ કરનાર ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય છે.

**આ નવા એક્ટનો ઉદ્દેશ શું છે ?**

ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસનો નવતર અભિગમ દાખવીને ગુજરાતમાં નાના વેપારીઓ પોતાનો વેપાર સરળતાથી કરી શકે તે માટે તથા તેમના વેપારમાં વૃદ્ધિ થાય તે માટે તેમજ શ્રમયોગી કર્મચારીઓની આવકમાં વૃદ્ધિ થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા આ નવો એક્ટ લાવવામાં આવ્યો છે.

## જૂના કયા એક્ટની જગ્યાએ આ નવો એક્ટ અમલમાં આવ્યો છે ?

ગુજરાતમાં **'Gujarat Shops and Establishment Act, 1948**માં ફેરફાર કરીને તેની જગ્યાએ નવો **'Gujarat Shops and Establishment Act, 2019'** લાવવામાં આવ્યો છે.

- **શ્રી શાંતિલાલ શાહ કમિટી**ની ભલામણથી **11 જાન્યુઆરી, 1949**થી ગુજરાતમાં **'Gujarat Shops and Establishment Act, 1948'** અમલમાં આવ્યો હતો.
- આ એક્ટ તે સમયે **'Bombay Shops and Establishment Act, 1948** તરીકે ઓળખાતો હતો.

## નવા Gujarat Shops and Establishment Act 2019ની મહત્ત્વની જોગવાઈઓ

નવા 'ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 2019'ની કેટલીક મહત્ત્વની જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) નાના વેપારીઓ અને નાના ઔદ્યોગિક એકમોને પ્રતિ વર્ષ રજીસ્ટ્રેશનમાંથી મુક્તિ આપવામાં આવશે. અને હવે વ્યવસાયનું **રજીસ્ટ્રેશન ફક્ત એક જ વખત** કરવાનું રહેશે.

(2) દસથી ઓછા શ્રમયોગીઓને કામ ઉપર રાખે ત્યાં સુધી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહિ. ફક્ત તેની જાણ કરવાની રહેશે.

(3) જીવન જરૂરી ચીજવસ્તુઓ માટેની **દુકાનો** વિવિધ પરવાનગીઓને આધીન **24 કલાક** ખુલ્લી રાખી શકાશે.

## ગુજરાતમાં કયાં આવેલી દુકાનો 24 કલાક ખુલ્લી રાખી શકાશે ?

નવા એક્ટ અંતર્ગત મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારો, નેશનલ હાઈવે, રેલવે પ્લેટફોર્મ, એસ.ટી. બસ સ્ટેન્ડ, હોસ્પિટલ, પેટ્રોલપંપ પર આવેલી દુકાનોને **24 કલાક** ખુલ્લી રાખી શકાશે.

- જ્યારે **નગરપાલિકા અને સ્ટેટ હાઈવે** પર આવેલ દુકાનોને **સવારના 6.00 વાગ્યાથી રાત્રીના 2.00 વાગ્યા** સુધી ખુલ્લી રાખી શકાશે.
- તથા **ગ્રામ્ય વિસ્તારો** કે ગ્રામ્ય વિસ્તારના રોડ પરના સંસ્થાનો **સવારના 6.00 વાગ્યાથી રાત્રીના 11.00 વાગ્યા** સુધી ખુલ્લા રાખી શકાશે.
- જોકે, દુકાનો ખુલ્લી રાખવાની આ છૂટ કેટલીક શરતોને આધીન આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શ્રમયોગીઓ માટે જોગવાઈ

(1) શ્રમયોગી કર્મચારીઓને શીફટમાં કામ કરવાની છૂટ આપવામાં આવશે.

(2) કોઈપણ કર્મચારીને દિવસના **9 કલાક** અથવા તો અઠવાડિયાના **48 કલાક**થી વધુ કામની ફરજ પાડી શકાય નહીં.

(3) તેમને **ઓવર ટાઈમ**માં **દોઢ ગણા**ને બદલે હવેથી **બમણું વેતન** આપવામાં આવશે.

(4) **મહિલા** શ્રમયોગીઓ માટેનો સમય **સવારના 6.00**થી **રાત્રીના 9.00** સુધીનો રહેશે. જોકે, કેટલીક શરતોને આધીન નાઈટ શિફટમાં પણ મહિલા કર્મચારીઓ પાસે કામ કરાવી શકાશે.

(5) **30થી વધુ મહિલાઓ** જે એકમોમાં નોકરી કરતી હોય ત્યાં તેમના બાળકો માટે **ઘોડિયાઘર**ની સુવિધા ઉપલબ્ધ કરાવાશે.

(6) જે એકમોમાં **100થી વધુ શ્રમયોગીઓ** નોકરી કરતા હોય ત્યાં **અલાયદી કેન્ટીન**ની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

### આ નવા કાયદાથી શું લાભ થશે ?

આ નવા કાયદાથી વેપારીઓ સરળતાથી પોતાનો વેપાર કરી શકશે, ગ્રાહકો અનુકૂળ સમયે ખરીદી કરી શકશે, શ્રમયોગીઓના હિતોનું રક્ષણ થશે અને રોજગારીમાં વૃદ્ધિ થશે.

## ➢ ભારતમાં GSTની આવકમાં રેકોર્ડ વધારો

ભારતમાં એપ્રિલ 2019 દરમિયાન GST Revenue Collection રૂ. 1,13,865 કરોડ થઈ ગયું છે.

- જે GST અંતર્ગત ભારતનું અત્યાર સુધીનું સૌથી વધુ માસિક કલેકશન છે.
- આ અગાઉ ભારતનું સૌથી વધુ માસિક GST Revenue Collection માર્ચ 2019 દરમિયાન થયું હતું.
- માર્ચ 2019માં ભારતનું GST Revenue Collection રૂ. 1,06,577 કરોડ હતું.
- ભારતમાં GSTનો પ્રારંભ 1 જુલાઈ, 2017ના રોજ થયો હતો.
- 1 જુલાઈ, 2017થી લઈને 30 એપ્રિલ, 2019 સુધીમાં ભારતમાં GST અંતર્ગત સૌથી વધુ માસિક Revenue Collection એપ્રિલ 2019માં થયું છે.



### ICE Questions

1. 'વિશ્વ પ્રેસ દિન' અથવા તો 'વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 1 મે (B) 2 મે (C) 3 મે (D) 4 મે — **(C)**

2. વર્ષ 2019ની 'વિશ્વ પ્રેસ સ્વાતંત્ર્ય દિવસ'ની થીમ શું છે ?
   (A) Media for Freedom : Journalism and Elections in Times of Disinformation
   (B) Media for World : Journalism and Elections in Times of Disinformation
   (C) Media for Democracy : Journalism and Elections in Times of Disinformation
   (D) Media for New World : Journalism and Elections in Times of Disinformation — **(C)**

3. વર્ષ 2019ની 'વર્લ્ડ ફ્રીડમ ડે'ની કોન્ફરન્સ કયાં યોજાશે ?
   (A) અબુધાબી (B) એડિસ અબાબા (C) દુબઈ (D) મસ્કત — **(B)**

4. રાજ્યભરના મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારોમાં 24 કલાક દુકાનો ખુલ્લી રાખવાનો નિયમ અમલમાં મૂકનાર ભારતના પ્રથમ રાજ્યનું નામ શું છે ?
   (A) મહારાષ્ટ્ર (B) દિલ્હી (C) ગોવા (D) ગુજરાત — **(D)**

5. તાજેતરમાં ગુજરાતમાં કયા એક્ટ અંતર્ગત ગુજરાતના કેટલાક વિસ્તારોમાં 24 કલાક દુકાનો ખુલ્લી રાખવાની મંજૂરી આપવામાં આવી છે ?
   (A) Gujarat Shops and Establishments (Regulation of Employment and Conditions of Service) Act 2019
   (B) Gujarat Shops and Establishments (Regulation of Employment and Conditions of Service) Act 2018
   (C) Gujarat Shoping and Establish (Regulation of Employment and Conditions of Service) Act 2019
   (D) Gujarat Shoping and Establish (Regulation of Employment and Conditions of Service) Act 2018 — **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 6. | ગુજરાતમાં કયા એક્ટની જગ્યાએ નવો 'ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 2019' લાવવામાં આવ્યો છે ?<br>(A) ગુજરાત શોપિંગ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 1948<br>(B) ગુજરાત શોપિંગ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 1949<br>(C) ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 1948<br>(D) ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 1949 | (C) |
| 7. | ગુજરાત સરકાર દ્વારા અમલમાં આવેલા નવા 'ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 2019'ની મહત્ત્વની જોગવાઈઓના સંદર્ભમાં નીચેનામાંથી કઈ જોગવાઈ સાચી નથી ?<br>(A) નાના વેપારીઓ અને ઔદ્યોગિક એકમોએ હવે ફક્ત એક જ વખત રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.<br>(B) નાના વેપારીઓને પ્રતિ વર્ષ રજીસ્ટ્રેશનમાંથી મુક્તિ.<br>(C) 15થી ઓછા શ્રમયોગી ધરાવતા વેપારીઓએ ફક્ત જાણ કરવાની રહેશે. તેમને રજીસ્ટ્રેશન કરાવવાની જરૂર નથી.<br>(D) જીવન જરૂરી ચીજવસ્તુઓ માટેની દુકાનો 24 કલાક ખુલ્લી રાખી શકાશે. | (C) |
| 8. | ગુજરાતમાં નવા 'ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 2019' અંતર્ગત નીચેનામાંથી કયા વિસ્તારમાં આવેલી દુકાનો 24 કલાક ખુલ્લી નહિ રાખી શકાય ?<br>(A) નેશનલ હાઈવે (B) મ્યુનિસિપલ કોર્પોરેશન (C) નગરપાલિકા (D) હોસ્પિટલ | (C) |
| 9. | ગુજરાતમાં નવા 'ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 2019' અનુસાર ગુજરાતમાં પ્રાઈવેટ સેક્ટરના શ્રમયોગીઓને ઓવર ટાઈમ દરમિયાન કેટલું વેતન આપવામાં આવશે ?<br>(A) દોઢ ગણું (B) બમણું (C) અઢી ગણું (D) ત્રણ ગણું | (B) |
| 10. | ભારતમાં GSTના પ્રારંભથી એપ્રિલ 2019 સુધીમાં સૌથી વધુ માસિક GST Revenue Collection કયા મહિનામાં થયું છે ?<br>(A) જાન્યુઆરી 2019 (B) ફેબ્રુઆરી 2019 (C) માર્ચ 2019 (D) એપ્રિલ 2019 | (D) |
| 11. | એપ્રિલ 2019 દરમિયાન ભારતમાં માસિક GST Revenue Collection આશરે કેટલા કરોડ રૂપિયા હતું ?<br>(A) 1,06,577 (B) 1,08,577 (C) 1,13,865 (D) 1,20,865 | (C) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 4 MAY, 2019 SATURDAY

### ➤ દિવસ મહિમા : 4 મે, ઈન્ટરનેશનલ ફાયરફાઈટર્સ ડે

### ➤ ઈસરોના પૂર્વ અધ્યક્ષ શ્રી એ.એસ. કિરણ કુમારને ફ્રાન્સનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર એનાયત

ઈસરોના પૂર્વ અધ્યક્ષ <u>શ્રી એ. એસ. કિરણ કુમાર</u>ને તાજેતરમાં <u>ફ્રાન્સ</u>નો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર <u>'Chevalier of the Order of the Legion of Honour'</u> થી સન્માનિત કરવામાં આવ્યા છે.

- ભારત અને ફ્રાન્સ વચ્ચેના અવકાશ સહયોગમાં વિશિષ્ટ યોગદાન માટે શ્રી એ. એસ. કિરણ કુમારને આ પુરસ્કાર એનાયત થયો છે.
- શ્રી એ. એસ. કિરણ કુમારને ફ્રાન્સના રાષ્ટ્રપતિ તરફથી ફ્રાન્સના રાજદૂતે આ પુરસ્કાર એનાયત કર્યો હતો.

## Legion of Honour

The Legion of Honour એ ફ્રાન્સનો સર્વોચ્ચ નાગરિક સન્માન છે.

- ઈ.સ. 1802માં શ્રી નેપોલીયન બોનાપાર્ટે આ પુરસ્કારનો પ્રારંભ કર્યો હતો.
- આ પુરસ્કાર પાંચ કેટેગરીમાં એનાયત થાય છે : Chevalier (knight, Officier (Officier), Commandeur (Commander), Grand Officier (Grand Officer) અને Grand - Croix (Grand Cross).
- જેમાંથી Chevalierની કેટેગરીમાં શ્રી એ. એસ. કિરણ કુમાર અગાઉ શ્રી અજિમ પ્રેમજી, શ્રી કમલ હસન, શ્રી શાહરુખ ખાન તથા શ્રી ઝુબિન મહેતા સહિત અનેક ભારતીય મહાનુભાવોને આ પુરસ્કાર એનાયત થયો છે.
- Chevalier ઉપરાંત અન્ય કેટેગરીમાં પણ અનેક ભારતીય મહાનુભાવોને આ પુરસ્કાર એનાયત થયા છે.

નોંધ : ઈસરો (ISRO)નું પૂરું નામ Indian Space Research Organization છે.

## ➤ ડો. કે. સુબ્રમણ્યમની નાણાપંચની સલાહકાર સમિતિના 12મા સભ્ય તરીકે નિમણૂક

ભારતમાં કેન્દ્ર સરકારના મુખ્ય આર્થિક સલાહકાર ડો. કે. સુબ્રમણ્યમ તાજેતરમાં ભારતના 15મા નાણાપંચની સલાહકાર સમિતિના સભ્ય બન્યા છે.

- વર્ષ 2018માં નાણાપંચે 11 સભ્યોની સલાહકાર સમિતિની રચના કરી હતી.
- ડો. કે. સુબ્રમણ્યમ આ સમિતિના 12મા સભ્ય બન્યા છે.

### 15મું કેન્દ્રીય નાણાપંચ

ભારતમાં 15મા કેન્દ્રીય નાણાપંચની રચના 27 નવેમ્બર, 2017ના રોજ કરવામાં આવી હતી.

- 15મા નાણાપંચના અધ્યક્ષ શ્રી નંદ કિશોર સિંઘ (ટૂંકમાં શ્રી એન. કે. સિંઘ) છે.
- આ નાણાપંચના ફૂલ ટાઈમ સભ્યોમાં શ્રી શક્તિકાંતા દાસ અને શ્રી અનૂપ સિંઘનો સમાવેશ થાય છે.
- જ્યારે શ્રી અજય નારાયણ ઝા અને ડો. રમેશ ચાંદ આ નાણાપંચના પાર્ટ ટાઈમ સભ્યો છે.

### 15મા નાણાપંચના સભ્યો

| ક્રમ | નામ | વિશેષતા |
|---|---|---|
| 1 | શ્રી નંદ કિશોર સિંઘ (અથવા શ્રી એન. કે. સિંઘ) | અધ્યક્ષ |
| 2 | શ્રી શક્તિકાંતા દાસ | ફૂલ ટાઈમ સભ્ય |
| 3 | શ્રી અનૂપ સિંઘ | ફૂલ ટાઈમ સભ્ય |
| 4 | શ્રી અજય નારાયણ ઝા | પાર્ટ ટાઈમ સભ્ય |
| 5 | ડો. રમેશ ચાંદ | પાર્ટ ટાઈમ સભ્ય |

નોંધ : (1) 1 એપ્રિલ 2020થી શરૂ થતા પાંચ નાણાકીય વર્ષ માટે ભલામણો કરવા આ નાણાપંચની રચના કરવામાં આવી છે.
(2) 15મું કેન્દ્રીય નાણાપંચ 1 એપ્રિલ 2020થી 31 માર્ચ 2025 સુધીના સમયગાળા માટે ભલામણ કરશે.
(3) નાણાપંચના મુખ્ય કાર્યોમાં કેન્દ્ર રાજય વચ્ચે નાણાંની ફાળવણી,કો–ઓપરેટીવ ફેડરાલિઝમ (સહકારી સંઘવાદ)ને વધુ મજબૂત બનાવવો, જાહેર ખર્ચની ગુણવત્તામાં સુધારો કરવો અને નાણાકીય સ્થિરતા જાળવવામાં સહાયતા કરવી..... વગેરે જેવા કાર્યોનો સમાવેશ થાય છે.

## ભારતમાં કેન્દ્રીય નાણાપંચ

ભારતીય બંધારણના **અનુચ્છેદ 280** અંતર્ગત ભારતના **રાષ્ટ્રપતિ** દ્વારા **દર 5 વર્ષે** નાણાપંચની રચના કરવામાં આવે છે.

- આ અંતર્ગત **22 નવેમ્બર, 1951**ના રોજ ભારતમાં **પ્રથમ નાણાપંચ**ની રચના કરવામાં આવી હતી.
- ભારતના પ્રથમ નાણાપંચના અધ્યક્ષ **શ્રી કે. સી. નીયોગી** હતા.

## ભારતમાં નાણાપંચ

| ક્રમ | રચના | અધ્યક્ષ | કયા સમયગાળા માટે ભલામણ કરવા રચના? |
|---|---|---|---|
| પ્રથમ | 1951 | શ્રી કે. સી. નીયોગી | 1952-57 |
| 14મું | 2013 | ડો. વાય. વી. રેડ્ડી | 2015-20 |
| 15મું | 2017 | શ્રી એન. કે. સિંઘ | 2020-25 |

## 14મા નાણાપંચની ભલામણો

**ડો. વાય. વી. રેડ્ડી**ની અધ્યક્ષતામાં બનેલા **14મા નાણાપંચ**ની ભલામણોમાંથી મુખ્ય ભલામણો નીચે મુજબ છે :

(1) શેર કરી શકાય તેવા કેન્દ્રીય કરની ચોખ્ખી આવકમાં રાજ્યોનો હિસ્સો **42%** હોવો જોઈએ.

(2) રેવન્યુ ખાદ્યમાં ક્રમશઃ ઘટાડો કરીને તેને દૂર કરવી.

(3) **2017-18** સુધીમાં **રાજકોષીય ખાદ્ય GDP**ના **3%** સુધી ઘટાડવી.

(4) કેન્દ્ર રાજ્યના સંયુક્ત દેવા માટે GDPના **62%**નું લક્ષ્ય.

(5) ભારતમાં GST અમલમાં લાવવા માટે કેન્દ્ર રાજ્યએ 'Grand Bargain' કરીને ચોક્કસ નિષ્કર્ષ પર આવવું જોઈએ.

(5) રાજ્યોએ વીજ ખાદ્યની સમસ્યાનો ચોક્કસ સમય મર્યાદામાં ઉકેલ લાવવો જોઈએ.

ICE COMPETITIVE EXAMS ®

## ICE ? Questions

1. ‘ઈન્ટરનેશનલ ફાયરફાઈટર્સ ડે’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 1 મે (B) 2 મે (C) 3 મે (D) 4 મે **(D)**

2. તાજેતરમાં ઈસરોના કયા પૂર્વ અધ્યક્ષશ્રીને ફ્રાન્સનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર એનાયત થયો છે ?
   (A) શ્રી કે. સિવન (B) શ્રી એ. એસ. કિરણ કુમાર
   (C) શ્રી કે. રાધાક્રિષ્નન (D) શ્રી જી. માધવન નાયર **(B)**

3. ઈસરોના પૂર્વ અધ્યક્ષ શ્રી એ. એસ. કિરણ કુમારને 2 મે 2019ના રોજ કયા દેશનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર એનાયત થયો છે ?
   (A) બ્રિટન (B) ફ્રાન્સ (C) અમેરિકા (D) જાપાન **(B)**

4. ફ્રાન્સના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારનું નામ શું છે ?
   (A) લીજિયન ઓફ ઓનર (B) લોયલ ઓફ ઓનર
   (C) લાયેબલ ઓફ ઓનર (D) રોયલ ઓફ ઓનર **(A)**

5. ભારતમાં નાણાપંચની સલાહકાર સમિતિના 12મા સભ્ય તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી અજય નારાયણ ઝા (B) શ્રી અરૂણ જેટલી

(C) શ્રી એ. કે. જ્યોતિ (D) શ્રી કે. સુબ્રમણ્યમ **(D)**

6. 15મા કેન્દ્રીય નાણાપંચના અધ્યક્ષ કોણ છે ?

(A) શ્રી શક્તિકાંતા દાસ (B) શ્રી અનૂપ સિંઘ

(C) ડો. રમેશ ચાંદ (D) શ્રી એન. કે. સિંઘ (અથવા શ્રી નંદ કિશોર સિંઘ) **(D)**

7. 15મા કેન્દ્રીય નાણાપંચના પાર્ટ ટાઈમ સભ્યોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?

(A) શ્રી શક્તિકાંતા દાસ અને ડો. રમેશ ચાંદ (B) ડો. અશોક લાહિરી અને શ્રી અનૂપ સિંઘ

(C) ડો. રમેશ ચાંદ અને શ્રી અનૂપ સિંઘ (D) શ્રી અજય નારાયણ ઝા અને ડો. રમેશ ચાંદ **(D)**

8. 15મા કેન્દ્રીય નાણાપંચના ફુલ ટાઈમ સભ્યોમાં કોનો સમાવેશ થાય છે ?

(A) શ્રી શક્તિકાંતા દાસ અને શ્રી અનૂપ સિંઘ (B) ડો. અશોક લાહિરી અને શ્રી અનૂપ સિંઘ

(C) ડો. રમેશ ચાંદ અને શ્રી અનૂપ સિંઘ (D) શ્રી અજય નારાયણ ઝા અને ડો. રમેશ ચાંદ **(A)**

9. ભારતમાં 15મા નાણાપંચની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?

(A) 27 નવેમ્બર, 2014 (B) 27 નવેમ્બર, 2015

(C) 27 નવેમ્બર, 2016 (D) 27 નવેમ્બર, 2017 **(D)**

10. કયા સમયગાળા માટે ભલામણ કરવા ભારતમાં 15મા નાણાપંચની રચના કરવામાં આવી છે ?

(A) 2018 થી 2023 (B) 2019 થી 2024

(C) 2017 થી 2020 (D) 2020 થી 2025 **(D)**

11. કેન્દ્રીય નાણાપંચના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. ભારતીય બંધારણના અનુચ્છેદ 280 અંતર્ગત ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કેન્દ્રીય નાણાપંચની રચના કરવામાં આવે છે.
2. ભારતમાં પ્રથમ નાણાપંચની રચના 22 નવેમ્બર, 1951ના રોજ કરવામાં આવી હતી.
3. ભારતના પ્રથમ નાણાપંચના અધ્યક્ષ શ્રી કે. સી. નીયોગી હતા.
4. ભારતના 14મા નાણાપંચના અધ્યક્ષ ડો. વાય. વી. રેડ્ડી હતા.

Ans. : (A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 3, 4 (D) 1, 2, 3, 4 **(D)**

# ONE LINER
## CURRENT AFFAIRS

## ભારત

### ➤ બારડોલીના ડો. રોઝી પટેલ બન્યા મિસિસ ઈન્ડિયા 2019

તાજેતરમાં ભારતમાં નવી દિલ્હી ખાતે મિસિસ ઈન્ડિયા 2019 સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં ગુજરાતના બારડોલી ખાતે આવેલી ઉકા તરસાડિયા યુનિવર્સિટીના પ્રાધ્યાપિકા ડો. રોઝી પટેલ વિજેતા જાહેર થયા છે. આ સ્પર્ધામાં તેમને બ્યૂટી વિથ બ્રેઈનનો ખિતાબ એનાયત થયો છે.

### ➤ દહેજ ઉત્પીડનથી પીડિત મહિલાના સંબંધીઓ પણ ફરિયાદ નોંધાવી શકશે

તાજેતરમાં ભારતમાં સુપ્રીમ કોર્ટે આપેલા આદેશ અનુસાર ભારતમાં હવે દહેજના ત્રાસથી પીડિત મહિલાના સંબંધીઓ પણ દહેજ અંગેની ફરિયાદ નોંધાવી શકશે. જસ્ટિસ અશોક ભૂષણ અને જસ્ટિસ કે. એમ. ભૂષણે આ નિર્ણય કર્યો હતો. આ અગાઉ સુપ્રીમ કોર્ટે દહેજ અંગેના ત્રાસથી પીડિત મહિલાને તેના સસુરાલની જગ્યાએ તેણે જયાં આશ્રય લીધો હોય તે સ્થળેથી પોલીસ ફરિયાદ નોંધાવવાની છૂટ આપી હતી. હવે આવી મહિલાઓની જગ્યાએ તેના સંબંધીઓ પણ ફરિયાદ નોંધાવી શકશે.

### ➤ સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના માટે ભારત સરકાર અને IIT દિલ્હી વચ્ચે કરાર

'વેસ્ટ ટુ વેલ્થ' ટેક્નોલોજી માટે ભારતમાં સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના માટે ભારત સરકારે IIT દિલ્હી સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે. સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ વૈજ્ઞાનિક ટેક્નોલોજી દ્વારા કચરાના મેનેજમેન્ટમાં વેસ્ટમાંથી વેલ્થમાં રૂપાંતરણને પ્રોત્સાહન આપવાનો છે.

### ➤ કામોવ-31 હેલિકોપ્ટરની ખરીદી માટે સંરક્ષણ મંત્રાલયની મંજૂરી

ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા તાજેતરમાં રૂ. 3600 કરોડના ખર્ચે 10 કામોવ-31 હેલિકોપ્ટરની ખરીદી કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. રશિયન બનાવટના આ હેલિકોપ્ટર ભારતની નૌસેના માટે ખરીદવામાં આવશે.

### ➤ સુશ્રી એમ. જયશ્રી વ્યાસ બોમ્બે સ્ટોક એક્સચેન્જના પ્રથમ સ્વતંત્ર મહિલા ડિરેક્ટર બન્યા

પ્રોફેસનલ ચાર્ટર અકાઉન્ટન્ટ **સુશ્રી એમ. જયશ્રી વ્યાસ**ની તાજેતરમાં **બોમ્બે સ્ટોક એક્સચેન્જ**ના સ્વતંત્ર ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ સાથે જ સુશ્રી એમ. જયશ્રી વ્યાસ બોમ્બે સ્ટોક એક્સચેન્જના **પ્રથમ સ્વતંત્ર મહિલા ડિરેક્ટર** બની ગયા છે.

## વિશ્વ

### ➤ જાપાનમાં ચૂંટણી જીતનાર પ્રથમ ભારતીય

ભારતીય મૂળના **શ્રી યોગેન્દ્ર પુરાણિકે** તાજેતરમાં **જાપાન**ની રાજધાની **ટોક્યો**ના **એદોગાવા વોર્ડ**ની એસેમ્બ્લી ચૂંટણીમાં જીત હાંસલ કરી છે. આ સાથે જ શ્રી યોગેન્દ્ર પુરાણિક **જાપાન**માં ચૂંટણી જીતનાર **પ્રથમ ભારતીય** બની ગયા છે. શ્રી યોગેન્દ્ર પુરાણિકને જાપાનમાં લોકો **'યોગી'**ના હુલામણા નામથી ઓળખે છે.

### ➤ ઈરાનની સંસદે અમેરિકાના બધા સૈન્યને આતંકવાદી જાહેર કર્યા

**ઈરાન**ની સંસદે તાજેતરમાં **અમેરિકા**ના બધા સૈન્યને **આતંકી સંગઠન** જાહેર કર્યું છે. આ માટે ઈરાનની સંસદમાં બિલ પસાર કરવામાં આવ્યું હતું. જેમાં બિલના સમર્થનમાં 215માંથી 173 સાંસદોએ મત આપ્યા હતા. આ અગાઉ **અમેરિકા**એ **ઈરાન**ના સૈન્ય **ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોર્પ્સ**ને આતંકી સંગઠન જાહેર કર્યું હતું.

### ➤ ઈન્ડોનેશિયામાં મતગણતરીના થાકને કારણે 270 કર્મચારીઓનાં મોત

તાજેતરમાં **ઈન્ડોનેશિયા**માં ચૂંટણીનો ખર્ચ બચાવવા માટે પહેલીવાર એક જ દિવસમાં રાષ્ટ્રપતિની ચૂંટણી અને રાજ્ય સ્તરની ચૂંટણીનું મતદાન એક સાથે અને એક જ દિવસે 17 એપ્રિલ, 2019ના રોજ યોજાયું હતું. આ ચૂંટણીના આયોજનથી ઈન્ડોનેશિયાએ **એક દિવસમાં યોજાયેલી વિશ્વની સૌથી મોટી ચૂંટણી**નો વિક્રમ સર્જ્યો હતો. પરંતુ આ ચૂંટણીમાં થોડા દિવસો બાદ પોસ્ટલ બેલેટથી યોજાયેલી આ ચૂંટણીના થાકને કારણે આશરે 270 કર્મચારીઓનાં મોત થયા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ ક્લાયમેટ ચેન્જ અંગે કટોકટી જાહેર કરનાર બ્રિટન વિશ્વનો પહેલો દેશ બન્યો

પર્યાવરણની સુરક્ષા માટે તાજેતરમાં **બ્રિટનની સંસદ** દ્વારા **Climate Change (આબોહવા પરિવર્તન)** અંગે પ્રતિકાત્મક **કટોકટી**ની જાહેરાત કરવામાં આવી છે. આ સાથે જ બ્રિટનની સંસદ ક્લાયમેટ ચેન્જ અંગે કટોકટી જાહેર કરનાર **વિશ્વની પ્રથમ સંસદ** બની ગઈ છે. **Extinction Rebellion** નામના પર્યાવરણ એક્ટીવિસ્ટ ગ્રૂપ અને યુરોપમાં પર્યાવરણ અંગે આંદોલન ચલાવનાર સ્વીડનની 16 વર્ષીય પર્યાવરણ ચળવળકર્તા સુશ્રી **ગ્રેટા થનબર્ગની** માંગને કારણે બ્રિટનની સંસદે આ નિર્ણય કર્યો છે.

## ICE Questions

- તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલી 'મિસિસ ઈન્ડિયા 2019' સ્પર્ધામાં વિજેતા મહિલાનું નામ શું છે ?
  – ડો. રોઝી પટેલ
- તાજેતરમાં સુપ્રીમ કોર્ટે આપેલા આદેશ અનુસાર ભારતમાં દહેજના ત્રાસથી પીડિત મહિલાની જગ્યાએ કોણ ફરિયાદ નોંધાવી શકશે ? – તેના સંબંધીઓ
- 'વેસ્ટ ટુ વેલ્થ' ટેક્નોલોજી માટે સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના કરવા ભારત સરકારે તાજેતરમાં કોની સાથે MoU કર્યા છે ? – IIT દિલ્હી
- ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા રૂ. 3600 કરોડના ખર્ચે કેટલા કામોવ-31 હેલિકોપ્ટર ખરીદવાની મંજૂરી આપવામાં આવી છે ? – 10
- બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE)ના પ્રથમ સ્વતંત્ર મહિલા ડિરેક્ટર તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – સુશ્રી એમ. જયશ્રી વ્યાસ
- તાજેતરમાં જાપાનની રાજધાની ટોક્યોના એક વોર્ડમાં એસેમ્બ્લીની ચૂંટણી જીતીને જાપાનમાં ચૂંટણી જીતનાર પ્રથમ ભારતીય વ્યક્તિનું નામ શું છે ? – શ્રી યોગેન્દ્ર પુરાણિક
- તાજેતરમાં કયા દેશની સંસદે અમેરિકાના બધા સૈન્યને આતંકી સંગઠન જાહેર કર્યા છે ? – ઈરાન
- તાજેતરમાં કયા દેશમાં મતગણતરીના થાકને કારણે આશરે 270 કર્મચારીઓના મોત થયા છે ?– ઈન્ડોનેશિયા
- ક્લાયમેટ ચેન્જ અંગે કટોકટી જાહેર કરનાર વિશ્વના પ્રથમ દેશનું નામ શું છે ? – બ્રિટન
- તાજેતરમાં કયા દેશની સંસદમાં વિશ્વમાં સૌપ્રથમ વખત ક્લાયમેટ ચેન્જ અંગે કટોકટી જાહેર કરવામાં આવી છે ?
  – બ્રિટન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.